સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

શ્રાવણ વદ - ૦૮ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

જો તમે સુરજની જેમ ચમકવા માંગો છો, તો સુરજ ની જેમ તપતા શીખો!

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૬૧ ● તારીખઃ ૨૦.૦૮.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

# કેન્દ્રનું 'વન ડે, વન યુનિવર્સિટી' અભિયાનઃ કેન્દ્રીય મંત્રીઓ Gen Z સાથે કરશે સીધો સંવાદ

## NEET વિવાદ બાદ પીએમ મોદીના નિર્દેશથી મહત્વકાંક્ષી રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ જાહેરઃ મંત્રીઓ યુનિવર્સિટીઓની મુલાકાત લઈ વિદ્યાર્થીઓના પ્રશ્નોને સાંભળશે



**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના યુવા વર્ગ અને જનરેશન ઝેડ (Gen Z) સાથે સીધો સંપર્ક સાધીને તેમનું જોડાણ મજબૂત કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારે એક વિશેષ રાષ્ટ્રવ્યાપી અભિયાન શરૂ કર્યું છે. 'એક દિવસ, એક યુનિવર્સિટી' નામના આ મહત્વાકાંક્ષી કાર્યક્રમ હેઠળ તમામ કેન્દ્રીય મંત્રીઓને નવી જવાબદારીઓ સોંપવામાં આવી છે.

આ યોજના અંતર્ગત કેન્દ્રીય મંત્રીઓ દરરોજ દેશની અલગ-અલગ યુનિવર્સિટીઓની મુલાકાત લેશે અને વિદ્યાર્થીઓ સાથે સીધો વાર્તાલાપ કરીને તેમની સમસ્યાઓ, ચિંતાઓ, શૈક્ષણિક મૂંઝવણો અને સુચનો સમજવાનો પ્રયાસ કરશે. ગઈકાલે બુધવારે પીએમ મોદીની અધ્યક્ષતામાં યોજાયેલી કેન્દ્રીય મંત્રીમંડળની બેઠકમાં પણ આ પહેલ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

અનુ પાના નં.૨ પર

# 'વંદે માતરમ'ના શરૂઆતી બે પેરા જ ગાશે કોંગ્રેસ, CWCમાં પાર્ટીએ સ્પષ્ટ કર્યુ વલણ

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વંદે માતરમને લઈને કોંગ્રેસ અને સત્તા પક્ષ વચ્ચે વિવાદ ચાલુ છે. આ મુદ્દાને લઈને બુધવારે કોંગ્રેસ કાર્ય સમિતિમાં ચર્ચા થઈ હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, બેઠકમાં કેટલાક નેતાઓએ ૧૯૩૭ ના પાર્ટીના સ્ટેન્ડને દોહરાવ્યું છે. એનો મતલબ એ છે કે, કોંગ્રેસ ૧૯૩૭ના વર્ઝન (પહેલા બે પેરા) ને જ પોતાના કાર્યક્રમોમાં ગાશે.

જયરામ રમેશે કહ્યું કે, 'વંદે માતરમ પર એક પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. જ્યારે એ પ્રસ્તાવને પાસ કરવામાં આવ્યો તો, ઈઠઈની બેઠકમાં મહાત્મા ગાંધી, પંડિત નેહરૂ, સરદાર પટેલ, સુભાષ ચંદ્ર બોઝ, મૌલાના આઝાદ, ગોવિંદ વલ્લભ પંત, આચાર્ય નરેન્દ્ર દેવ અને અન્ય નેતાઓ હાજર હતા.'

તેમણે આગળ કહ્યું, 'રવીન્દ્રનાથ ટાગોરની સલાહથી જ એ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો, અને આજે તેના પર ચર્ચા થઈ. કોંગ્રેસ અધ્યક્ષે એ પ્રસ્તાવના કેટલાક અંશ પણ વાંચ્યા. આમાં

અનુ પાના નં.૨ પર

# UPI પેમેન્ટ પર ચાર્જ લગાવવાનો માર્ગ મોકળો

## UPIથી લઈને ઈલેકટ્રોનિકસ મેન્યુ. સુધી બદલાશે નિયમઃ રાષ્ટ્રપતિએ ખઉછ બિલને આપી મંજુરી

**સમય સંદેશઃ નવીદિલ્હી**

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કરવેરા અને અન્ય કાયદા (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ અને ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, ૨૦૦૭ માં સુધારાને મંજૂરી આપી છે. આ બિલો ૧૦ ઓગસ્ટના રોજ સંસદ દ્વારા પસાર કરવામાં આવ્યા હતા.ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમમાં સુધારો સરકારને કાર્ડ વ્યવહારો પર ફી વસૂલવાનો કાનૂની આધાર પૂરો પાડે છે. સરકાર એક સૂચના દ્વારા નક્કી કરી શકશે કે કઈ ઈલેક્ટ્રોનિક ચુકવણી પદ્ધતિઓ અથવા વ્યવહારો મર્ચન્ટ ડિસ્કાઉન્ટેડ રેટ ફીને આધીન રહેશે નહીં. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ UPI ચુકવણીઓ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR) સંબંધિત બિલને મંજૂરી આપી છે. તેમણે સોમવારે આ બિલને મંજૂરી આપી, ચુકવણી અને સમાધાન

અનુ પાના નં.૨ પર

# ગુજરાત સરકારના બે મહત્વપૂર્ણ નિર્ણયોઃ બિન અનામત વર્ગ માટે વિદેશ અભ્યાસ લોનની આવક મર્યાદા વધી, ઉત્તર ગુજરાત માટે પાણી છોડવા આદેશ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત સરકારે બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ અને ખેડૂતોના હિતમાં બે અત્યંત મહત્વપૂર્ણ નિર્ણયો લીધા છે. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે 'વિદેશ અભ્યાસ લોન યોજના' હેઠળ કુટુંબની વાર્ષિક આવક મર્યાદામાં મોટો વધારો કરવામાં આવ્યો છે. ૧૯ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા સત્તાવાર ઠરાવ મુજબ, હવે રૂ. ૬ લાખના બદલે રૂ. ૧૦ લાખ સુધીની વાર્ષિક કૌટુંબિક આવક ધરાવતા બિન અનામત વર્ગના વિદ્યાર્થીઓ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ અર્થે લોન મેળવવા માટે પાત્ર બનશે. આ યોજનાની અન્ય તમામ શરતો અને જોગવાઈઓ યથાવત રહેશે, જેને નાણાં વિભાગની મંજૂરી બાદ અમલી બનાવાઈ છે. બીજી તરફ, રાજ્યમાં ખેંચાતા વરસાદ વચ્ચે ખેડૂતોની ચિંતા દૂર કરતા મુખ્યમંત્રીએ ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે રાહતરૂપ નિર્ણય લીધો છે. ઉત્તર ગુજરાતમાં સુજલામ સુફલામ યોજના અંતર્ગત સિંચાઈ માટે પાણી છોડવાનો મહત્વનો આદેશ આપવામાં આવ્યો છે. હાલ અમેરિકાના પ્રવાસે ગયેલા મુખ્યમંત્રીએ ત્યાંથી જ આ આદેશ જારી કર્યો હતો. વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી તેમજ કૃષિ મંત્રી જીતુ વાઘાણી દ્વારા ખેડૂતોના હિતમાં કરવામાં આવેલી રજૂઆતોને પગલે ત્વરિત પગલાં ભરી સિંચાઈનું પાણી છોડવાનો નિર્ણય લેવાતાં ઉત્તર ગુજરાતના કૃષિકારોમાં આનંદની લહેર વ્યાપી ગઈ છે.

# અમેરિકી રાજદૂત સાર્જિયો ગોરની જમ્મુ-કાશ્મીર મુલાકાતઃ 'કાશ્મીર ભારતનો અત્યંત મહત્વપૂર્ણ ભાગ'

**સમય સંદેશઃ શ્રીનગર**



ભારતમાં અમેરિકાના રાજદૂત સાર્જિયો ગોરે ગઈકાલે જમ્મુ-કાશ્મીરની ખાસ મુલાકાત લીધી હતી. આ પ્રવાસ દરમિયાન તેમણે એક મોટું રાજદ્વારી નિવેદન આપતાં જણાવ્યું હતું કે, જમ્મુ-કાશ્મીર ભારતનો એક અત્યંત મહત્વપૂર્ણ ભાગ છે. આર્ટિકલ ૩૭૦ નાબૂદ થયા બાદ અને તાજેતરના સુરક્ષા વાતાવરણ વચ્ચે અમેરિકી રાજદૂતની આ સ્વતંત્ર કાશ્મીર મુલાકાતને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતના વલણ માટે એક મજબૂત અને સકારાત્મક સમર્થન માનવામાં આવી રહી છે. શ્રીનગર પહોંચ્યા બાદ અમેરિકી દૂત

અનુ પાના નં.૨ પર

# જામનગર જિલ્લા પંચાયત ખાતે 'ગ્રામહાટ'નો પ્રારંભઃ મહિલાઓના હસ્તનિર્મિત ઉત્પાદનોને બજાર આપવા ડીડીઓ નિશાએ મુલાકાત લીધી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરાયેલા હસ્તનિર્મિત અને સ્થાનિક ચીજવસ્તુઓને યોગ્ય બજાર અને વેચાણ માટે મંચ મળી રહે તે હેતુથી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા જિલ્લા પંચાયત ખાતે 'ગ્રામહાટ' શરૂ કરવામાં આવ્યું છે. આ પહેલનો મુખ્ય ઉદ્દેશ્ય મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો છે.

જિલ્લા વિકાસ અધિકારી નિશાએ 'ગ્રામહાટ'ની મુલાકાત લીધી હતી. તેમણે બહેનો સાથે સંવાદ કરીને તેમના દ્વારા બનાવવામાં આવતી વિવિધ વસ્તુઓ, વેચાણ વ્યવસ્થા અને સ્વ-સહાય જૂથો અંગે માહિતી મેળવી હતી. ડીડીઓ નિશાએ બહેનોને વધુ ગુણવત્તાયુક્ત ઉત્પાદનો તૈયાર કરવા, પૅકેજિંગ અને બ્રાન્ડિંગ પર ધ્યાન આપવા તેમજ બદલાતી બજારની જરૂરિયાતોને અનુરૂપ નવા ઉત્પાદનો વિકસાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

આ 'ગ્રામહાટ' થકી બહેનોને તેમના ઉત્પાદનો માટે સ્થાનિક સ્તરે જ બજાર ઉપલબ્ધ થશે, જેનાથી તેમની આવકમાં વધારો થશે અને તેમને આત્મનિર્ભર બનવાની તકો પ્રાપ્ત થશે. ગ્રાહકોને પણ ગુણવત્તાયુક્ત અને સ્થાનિક સ્તરે તૈયાર થયેલા ઉત્પાદનો એક જ સ્થળેથી ખરીદવાની સુવિધા મળશે.

'ગ્રામહાટ'માં બહેનો દ્વારા તૈયાર કરવામાં આવતી વિવિધ હસ્તકલાની વસ્તુઓ, ઘર સુશોભનની વસ્તુઓ, પરંપરાગત કલા આધારિત ઉત્પાદનો, ક્રોચેટમાંથી બનાવેલ વસ્તુઓ, બાંધણી, હેન્ડમેડ જ્વેલરી, સ્કિન કેર તથા ગૃહ ઉદ્યોગની વસ્તુઓનું વેચાણ કરવામાં આવશે.

જામનગર જિલ્લામાં મહિલા સ્વ-સહાય જૂથો દ્વારા તૈયાર કરવામાં આવતા સ્થાનિક ઉત્પાદનોને વધુ ઓળખ અને બજાર ઉપલબ્ધ કરાવવા માટે આ 'ગ્રામહાટ' મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, સ્વ-સહાય જૂથોની બહેનો તેમજ સંબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાંસદ પૂનમબેનની મોટી ખાવડીમાં સ્થાનિક આગેવાનો સાથે મુલાકાતઃ ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો અને રજૂઆતો સાંભળી, ઉકેલની ચર્ચા કરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના મોટી ખાવડી ખાતે સાંસદ પૂનમબેન માડમે સ્થાનિક આગેવાનો અને કાર્યકર્તાઓ સાથે ખાસ મુલાકાત યોજી હતી. તેઓએ વડીલ ગોવુભાના કાર્યાલય ખાતે આસપાસના ગામોના સરપંચો, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ અને સ્થાનિક કાર્યકર્તાઓ સાથે એક અગત્યની બેઠક યોજી હતી. આ બેઠકનો મુખ્ય હેતુ ગ્રામ્ય વિસ્તારોના પાયાના પ્રશ્નોને સમજીને તેના ઝડપી નિરાકરણ માટેનો હતો.

મુલાકાત દરમિયાન ગ્રામીણ વિસ્તારોના વિવિધ સ્થાનિક પ્રશ્નો, લોકઉપયોગી સુવિધાઓ અને વિવિધ રજૂઆતો અંગે આસપાસના ગામોના આગેવાનો સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. સાંસદ પૂનમબેન માડમે તમામ આગેવાનો અને રજૂઆતકર્તાઓની સમસ્યાઓને ધ્યાનપૂર્વક સાંભળી હતી અને તેના યોગ્ય તેમજ ઝડપી ઉકેલ માટે સંબંધિત વિભાગો સાથે સંકલન સાધી જરૂરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે સ્થાનિક નેતૃત્વના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જિલ્લા પંચાયત સદસ્ય પ્રદ્યુમનસિંહ ઝાલા, તાલુકા પંચાયત પ્રમુખ જયેન્દ્રસિંહ જાડેજા, તાલુકા પંચાયત સદસ્યો રાયમલભાઈ મોરી અને કાંતિભાઈ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તાલુકા ભાજપ મહામંત્રી રવિન્દ્રસિંહ કાંચવા તેમજ માજી તાલુકા પંચાયત ઉપપ્રમુખ રેવતુભા સહિતના અનેક અગ્રણીઓ અને કાર્યકર્તાઓ સાંસદ સાથે આ મુલાકાતમાં જોડાયા હતા.

બેઠકના અંતે ગ્રામ્ય વિસ્તારના સ્થાનિક સ્તરના પ્રશ્નોને પ્રાથમિકતા આપીને તેના યોગ્ય અને કાયમી નિરાકરણ માટે તમામ સ્તરે યોગ્ય સંકલન જાળવીને આગળની કાર્યવાહી ઝડપી બનાવવા અંગે સર્વાનુમતે ચર્ચા કરવામાં આવી હતી. સાંસદની આ મુલાકાતથી સ્થાનિક આગેવાનો અને ગ્રામજનોમાં સંતોષની લાગણી જોવા મળી હતી.



તસવીરઃ હિરેન ગાંધી



# નવાનગર શહેરના ૪૮૭માં સ્થાપના દિને મનપા અને રાજપુત સમાજ દ્વારા ખાંભી પૂજન

**સમય સંદેશઃ જામનગર**







તસવીરઃ હિરેન ગાંધી

જામનગર (નવાનગર)ના ૪૮૭મા સ્થાપના દિવસ નિમિત્તે ગઈકાલે જામનગર મહાનગરપાલિકા તથા રાજપૂત સમાજ દ્વારા વિવિધ પરંપરાગત અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીના ભાગરૂપે સવારે દરબારગઢ સર્કલ પાસે આવેલા દિલાવર સાયકલ સ્ટોર્સ ખાતે શહેરની સ્થાપનાની ઐતિહાસિક ખાંભીનું પૂજન મેયર મોનિકાબેન વ્યાસના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી, જિલ્લા કલેક્ટર પી.બી. પંડ્યા, મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયા, ડેપ્યુટી મેયર રાકેશ ડેર અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણી સહિતના રાજકીય અને સામાજિક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

ખાંભી પૂજન બાદ નગરના માજી રાજવીઓની જુદી જુદી પ્રતિમાઓને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. આ તકે મેયર મોનિકાબેન વ્યાસે નગરજનોને સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, રાજવી પરિવારે આપેલા ઐતિહાસિક હેરિટેજ સ્થળોના જતન માટે મહાનગરપાલિકા સંપૂર્ણ કટિબદ્ધ છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણીએ 'કાઠિયાવાડના પેરિસ' તરીકે ઓળખાતા જામનગરમાં ઓવરબ્રિજ, ફ્લાયઓવર અને રસ્તાઓ સહિત ચાલી રહેલા વિકાસ કામોનો ઉલ્લેખ કર્યો હતો. જ્યારે મ્યુનિસિપલ કમિશનર દીપેશ કેડિયાએ નગરજનોને શહેરને સ્વચ્છ અને હરિયાળું બનાવવા સહયોગ આપવા અપીલ કરી હતી.

શહેરના ગૌરવશાળી ઈતિહાસથી નાગરિકો માહિતગાર થાય તેવા હેતુથી સાંજે ટાઉનહોલ ખાતે જામનગરના ઈતિહાસ વિષય પર 'ઓપન જામનગર ક્વિઝ કોમ્પિટિશન'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ક્વિઝ માસ્ટર તરીકે આનંદ દવે અને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન ધીરેન મોનાણીએ સેવા આપી હતી. બહોળી સંખ્યામાં નગરજનોએ આ બૌદ્ધિક અને સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

બીજી તરફ, જામનગર શહેર-જિલ્લા રાજપૂત યુવા સંઘ દ્વારા પણ સ્થાપના દિન નિમિત્તે પરંપરાગત રીતે ખાંભી પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા) અને રાજપૂત સમાજના આગેવાનોની ઉપસ્થિતિમાં પૂજનવિધિ સંપન્ન થઈ હતી. ઉપસ્થિત અગ્રણીઓએ નવાનગરની પરંપરા, સંસ્કૃતિ અને ઐતિહાસિક વારસાને જાળવી રાખવાનો સંકલ્પ દોહરાવ્યો હતો અને ત્યારબાદ રાજવીઓની પ્રતિમાઓને પુષ્પહાર અર્પણ કર્યા હતા.


## તંત્રી સ્થાનેથી..

### નફો રળવા ભેળસેળયુકત ખાના ખજાના!

શુદ્ધ ખાદ્યસામગ્રીના ઉત્પાદનનો ખર્ચ વધે છે, ત્યારે નફો જાળવી રાખવા માટે સસ્તા અને હાનિકારક વિકલ્પોનો બેફામ ઉપયોગ થાય છે. ગ્રાહકની આંખમાં ધૂળ નાખીને સામગ્રી અસલી દેખાય અને નફાનો ગ્રાફ ઊંચો જાય, આ ક્રૂર ગણિતમાં માનવીય સ્વાસ્થ્યનું કોઈ જ મૂલ્ય બચતું નથી. બજારમાંથી હલકી ગુણવત્તાની કોઈ અન્ય ભૌતિક વસ્તુ ખરીદવાથી ગ્રાહકને માત્ર આર્થિક નુકસાન જશે, પરંતુ પેટમાં જતો ઝેરી કે ભેળસેળયુક્ત ખોરાક માનવ શરીરને કાયમી અપંગતા કે ગંભીર બીમારીઓ તરફ ધકેલી શકે છે. તેથી જ, ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળને માત્ર વ્યાપારી ગેરરીતિ તરીકે હળવાશથી લેવી એ સામાજિક વ્યવસ્થાની અત્યંત ભયાનક ભૂલ છે. આપણા દેશમાં ખાદ્ય સુરક્ષા માટે નિયમો અને નિયામક સંસ્થાઓની કોઈ કમી નથી, પરંતુ કાયદો માત્ર પુસ્તકોમાં છપાયેલો રહેવાથી પરિવર્તન આવતું નથી. કાયદાનો સાચો ભય ત્યારે જ ઊભો થાય જયારે વ્યવસ્થામાં મોસમી દરોડા આધારિત કામગીરીની માનસિકતાનો અંત આવે. તહેવારો નજીક આવે, કોઈ મોટી ફરિયાદ ઊઠે કે અહેવાલો છપાય, ત્યારે જ તંત્ર અચાનક સફાળું જાગે અને થોડા દિવસો કડક કાર્યવાહીના નાટકો ભજવાય, તેનાથી કાયમી ઉકેલ ક્યારેય નહીં મળે. ખાદ્ય સુરક્ષા એ આખું વર્ષ ચાલવી જોઈતી સઘન અને વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. ખાદ્યસામગ્રી ક્યાંથી ઉત્પન્ન થાય છે, કેવી રીતે સંગ્રહાય છે અને ગ્રાહક સુધી કયા માર્ગે પહોંચે છે તેની સમગ્ર પુરવઠા સાંકળની પારદર્શક દેખરેખ જરૂરી છે. આ ઉપરાંત, દરેક જિલ્લા સ્તરે અત્યાધુનિક ખાદ્ય પરીક્ષણ પ્રયોગશાળાઓ ઊભી કરવી અત્યંત અનિવાર્ય છે જેથી નમૂનાઓના પરિણામો ઝડપથી મળે અને ગુનેગારો સમયના અભાવનો લાભ લઈ છટકી ન શકે. વેપારમાં નફો કરવો એ કોઈ પણ વેપારીનો કાયદેસરનો હક છે, પરંતુ નફાની લ્હાયમાં માનવ સ્વાસ્થ્યને ગીરો મૂકવાનો અધિકાર કોઈને અપાયો નથી. સમાજ અને વહીવટીતંત્ર તરફથી એવો સ્પષ્ટ અને કડક સંદેશ જવો જોઈએ કે ખાદ્યપદાર્થોમાં ભેળસેળ એ કોઈ સાધારણ અનિયમિતતા નથી.પરંતુ તે માનવહત્યાના પ્રયાસ સમાન એક જઘન્ય અપરાધ છે. જો ખાદ્યસામગ્રીમાં કોઈ વિકલ્પ વાપરવામાં આવતો હોય, તો તેની પારદર્શક માહિતી ગ્રાહકને મળવી જ જોઈએ. પવિત્ર યાત્રાધામો પણ તેમની આ લાલચમાંથી બાકાત રહ્યા નથી. આટલી હદે નૈતિક પતન પાછળનું એકમાત્ર કારણ રાતોરાત અઢળક સંપત્તિ એકઠી કરવાની અમાનવીય લાલચ છે.



## હાલારના હાલહવાલ



# દ્વારકામાં શારદાપીઠ કોલેજના વિદ્યાર્થીએ મલકુસ્તીમાં ઝળકાયું કૌશલ્ય

**સમય સંદેશઃ દ્વારકા**

દ્વારકાની શારદાપીઠ આર્ટસ, કોમર્સ એન્ડ કોલેજ ઓફ એજ્યુકેશનના વિદ્યાર્થી જયેશ કાનાભા માણેકએ મલકુસ્તી સ્પર્ધામાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી કોલેજનું નામ રોશન કર્યું છે. કોટેશ્વર મહાદેવના સાનિધ્યમાં સ્વ. હરદાસભાઈ હેભાભાઈ બેરા ચેરીટેબલ ટ્રસ્ટ તથા ક્રીડા ભારતી, દેવભૂમિ દ્વારકાના સંયુક્ત ઉપક્રમે સોમવાર તા. ૧૭ ના રોજ ભવ્ય મલકુસ્તી મેળો યોજાયો હતો. સ્પર્ધામાં



વિવિધ કેટેગરીમાં બહોળી સંખ્યામાં ખેલાડીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઓપન એજ ગ્રુપમાં શ્રી શારદાપીઠ કોલેજના વિદ્યાર્થી જયેશ કાનાભા માણેકએ પોતાની કુશળતા અને દમદાર પ્રદર્શનના આધારે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. વિજેતા તરીકે તેમને રૂ. ૨૧,૦૦૦ રોકડ પુરસ્કાર તથા ટ્રોફી એનાયત કરવામાં આવ્યા હતા. તેને કોચિંગ અને માર્ગદર્શન ડો. હર્ષાબેન એ. વાળા દ્વારા આપવામાં આવ્યું હતું.

# સજાથી બચવા નાસતો ફરતો કજુરડા ગામનો આરોપી ઝડપાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**



ખંભાળિયા તાલુકાના કજુરડા ગામે રહેતા રતિલાલ કાંતિલાલ ખેતિયા નામના શખ્સ સામે વર્ષ ૨૦૨૪ ના સમયગાળા દરમિયાન અહીંના મેજિસ્ટ્રેટ કોર્ટમાં ચાલી ગયેલા ધી નેગોસીએબલ ઇન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ ૧૩૮ મુજબના કેસ સંદર્ભે અદાલત દ્વારા તેને કેદની સજા ફટકારવામાં આવી હતી. આ સજાનું વોરંટ વાડીનાર મરીન પોલીસ સ્ટેશન ખાતે ઇસ્યુ કરવામાં આવ્યું હતું. આને અનુલક્ષીને વાડીનાર મરીન પોલીસ મથકના પી.આઈ. તુષાર પટેલ તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં નાસતા ફરતા ઉપરોક્ત આરોપી રતિલાલ કાંતિલાલ ખેતિયાને પોલીસે ઝડપી લઇ, કોર્ટ સમક્ષ રજૂ કર્યો હતો.

# ટીપીએસના અધિકારીની પુત્રીએ રાષ્ટ્રીયકક્ષાએ મેળવ્યો ગોલ્ડ મેડલ

**સમય સંદેશઃ જામનગર**




GSECL TPS સિક્કા ખાતે PO1 તરીકે ફરજ બજાવતા સચિનભાઇ જોશી તથા દર્શનાબેન જોશી પ્રાથમિક શિક્ષક ની સુપુત્રી ૮ ગુજરાત નેવલ એનસીસી યુનિટ જામનગરની કેડેટ કેપ્ટન ખ્વાહિશ સચિન જોશીએ રાષ્ટ્રીય સ્તરે ગોલ્ડ મેડલ મેળવીને જોશીપરિવાર,ને બ્રહ્મ સમાજ નુ ગૌરવ વધાર્યું છે. કુ.ખ્વાહિશ એ તાજેતરમાં ઈંગજશિવાજી, લોનાવાલા (મહારાષ્ટ્ર) ખાતે યોજાયેલા ગઈઈ નેશનલ કેમ્પમાં ભાગ લીધો હતો. સમગ્ર ગુજરાતના હજારો કેડેટ્સમાંથી રાષ્ટ્રીય કક્ષાએ 'ગુજરાત ડાયરેક્ટોરેટ'નું પ્રતિનિધિત્વ કરવા માટે માત્ર ૧૨ ગર્લ કેડેટ્સની પસંદગી કરવામાં આવી હતી, જેમાં કુ.ખ્વાહિશે સ્થાન મેળવ્યું હતું.

ભારતભરના ૧૭ એનસીસી ડાયરેક્ટોરેટમાંથી આવેલા ૬૦૦થી વધુ કેડેટ્સ વચ્ચે આયોજિત આ નેશનલ કેમ્પમાં તેમણે હેલ્થ એન્ડ હાઈજીન, સર્વિસ સબ્જેક્ટ, સેમાફોર અને બોટ પુલિંગ જેવી વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાઓ પૈકી 'હેલ્થ એન્ડ હાઈજીન'માં ઉત્કૃષ્ટ પ્રદર્શન દાખવીને કુ.ખ્વાહિશે આઇએનએસ શિવાજીના કમાન્ડિંગ ઓફિસરના હસ્તે ગોલ્ડ મેડલ (સુવર્ણ ચંદ્રક) પ્રાપ્ત કર્યો હતો.

સિદ્ધિઓની આ શ્રૃંખલામાં કુ.ખ્વાહિશે સમગ્ર કેમ્પ દરમિયાન ગુજરાત ડાયરેક્ટોરેટના 'કેમ્પ લીડર' તરીકેની જવાબદારી પણ કુશળતાપૂર્વક નિભાવી હતી.આ ઉપરાંત તેમણે નેશનલ કેમ્પ માં આંતર-રાજ્ય 'સાંસ્કૃતિક સંધ્યા'નુ મંચ સંચાલન અત્યંત સફળતાપૂર્વક કર્યું હતું. તેમના આ નેતૃત્વ અને કૌશલ્યને બિરદાવતા કમાન્ડિંગ ઓફિસર, કેમ્પ કમાન્ડન્ટ તથા મહારાષ્ટ્રના અઉત્રદ્દદ્વારા તેમની વિશેષ પ્રશંસા કરવામાં આવી હતી. તેમ એન.ડી.ત્રીવેદી ની યાદી માં જણાવેલ છે

# ભાણવડમાં વિદેશી દારૂ ઝડપાયોઃ આરોપી ફરાર

**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડના કલ્યાણપુર રહેતા જયદીપ કછોટ નામના શખ્સ દ્વારા ભાગમાં રાખેલી વાડીના રહેણાંક મકાનમાંથી પોલીસે કુલ ૫,૩૪૦ ની કિંમતની વિદેશ દારૂની ચાર મોટી તથા સાત નાની બોટલો કબજે કરી હતી. દરોડા દરમ્યાન આરોપી પોલીસને હાથ લાગ્યો ન હતો.

# જામનગરનો વેપારી ક્રિકેટના સટ્ટાના રવાડે ચડ્યો 'ને રંગે હાથ ઝડપાયો

## ભુજયા કોઠા સામે જાહેર રોડ ઉપરથી પોલીસે પકડી પાડયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ભુજીયા કોઠા, પેટ્રોલપંપની સામે જાહેરમાં એક શખસ ઉભો રહીને પોતાના મોબાઈલમાં લાઈવ ક્રિકેટ મેચ નિહાળીને હારજીતના સોદા પાડતા હોવાની ખંભાળિયા ગેટ પોલીસ ચોકીએ દરોડો પાડયો હતો. અજય રાધનપુરાને આંતરી લીધો હતો. તે ભારત-શ્રીલંકાની ટેસ્ટ મેચ મોબાઈલમાં લાઈવ નિહાળીને હારજીતના સોદા પાડી જુગાર રમતા ઝડપી લીધો હતો. તેના કબજામાંથી રોકડ રૂ.૨૫૦૦ તેમજ રૂ.૧૦ હજારની કિમતનો ફોન મળી રૂ.૧૨૫૦૦નો મુદામાલ કબજે કરાયો છે.

# ખેડૂત દ્વારા શોષણથી બચવા સીધુ લોકોને મગફળીનું કરાતું વેંચણા




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

દેશભરમાં કારમી મોંઘવારીના દોરની વચ્ચે જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓના ભાવ વધતા જાય છે. દરેક પરિવાર મોંઘવારીમાં પિસાઈ રહ્યો છે. ત્યારે હાલમાં સિંગતેલના ભાવમાં ડબ્બાએ ૬૦૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે સૌરાષ્ટ્રમાં ખેડૂતોને મગફળીના ભાવ મળતા નથી. સબળી મગફળી ખરીદવામાં આવે છે. પરંતુ નબળી મગફળીનો ભાવ નહીં આવતા આખરે હવે ખેડૂતો શહેર તરફ ભણી નાગરિકોને સીધા જ મગફળી વેચીને થોડું ઘણું કમાઈ લેતા હોય છે. હાલમાં શહેરના અનેક વિસ્તારોમાં ખેડૂતો દ્વારા મગફળીના ઢગલાં કરી દેવાયા છે.


### નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને મનસુખ મોહન વસોયા માંથી મનસુખભાઇ મોહનભાઇ વસોયા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
બંસરી, નારાયણ નગર,
શેરી નંબર-૨ રડાર રોડ
જામનગર-૩૬૧૦૦૪

### નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને ભાનુબેન મનસુખ વસોયા માંથી ભાનુબેન મનસુખભાઇ વસોયા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
બંસરી, નારાયણ નગર,
શેરી નંબર-૨ રડાર રોડ
જામનગર-૩૬૧૦૦૪

### નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને યશકુમાર ભાવેશ મુંજપરા માંથી યશકુમાર મુંજપરા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
પ્લોટ નંબર.૪૨/૩,
મયુર બાગ-૧,રણજીત સાગર
રોડ જામનગર-૩૬૧૦૦૫

### નામ સુધારેલ છે

આથી હું જાહેર કરૂ છુ કે મારૂ નામ સુધારીને દિવ્યેશ મનસુખ વસોયા માંથી દિવ્યેશ મનસુખભાઇ વસોયા કરેલ છે. જેની, જાણ તથા નોંધ દરેકે લેવી.

**સરનામું**
બંસરી, નારાયણ નગર,
શેરી નંબર-૨ રડાર રોડ
જામનગર-૩૬૧૦૦૪


## અનુસંધાન

### ૨૭ ઝડપાયા

(પાના નં. ૪ થી આગળ)

મકવાણા, રમેશભાઇ શ્રીમાળી, દિલિપભાઇ ગોહીલ, કરશનભાઈ પરમાર અને જેન્તીલાલ દાણીધારીયા નામના પાંચ શખ્સોને રૂ. ૨,૨૮૦ ની રોકડ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### ઓપેરા એર્નજી

(પાના નં. ૪ થી આગળ)

બસીર સમા, ઈકબાલ ધૈયમ સહિતના શખ્સો સામે એક સંપ કરી હથિયારો સાથે હુમલો કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

### ટ્રાફિક ડ્રાઈવ

(પાના નં. ૪ થી આગળ)

જીલ્લા તમામ પોલીસ મથકને ટ્રાફિક ડ્રાઇવ યોજવાનો આદેશ આપવામાં આવ્યો હતો. જેના અનુસંધાને જામનગર શહેર વિભાગ ના નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ ઝાલા ની રાહબારી હેઠળ જામનગર સિટી-એ ડિવિઝન પોલીસ સ્ટેશન ના પીઆઈ વી.એમ.ડોડીયા ની સુચના થી સ્ટાફ દ્વારા તળાવ ની પાળ, મહાપ્રભુજી ની બેઠક, નૂરી ચોકડી વિસ્તાર, પવનચક્કી વિસ્તાર તથા દરબારગઢ વિસ્તાર નજીક ટ્રાફિક ડ્રાઇવ યોજાઇ હતી. જેમાં ૪૦ થી વધુ વાહનો ડીટેઈન કરાયા અને ૨ મહેન્દ્ર થાર, વરના, સ્વીફ્ટ જેવી કારમાં ડાર્ક ફિલ્મ ફિલ્મ દૂર કરવામાં આવી હતી. તેમજ નંબર પ્લેટ વગરના વાહનોને પણ ડીટેઈન કરાયા હતા.

### પોલીસ જાપ્તા

(પાના નં. ૪ થી આગળ)

ઉર્ફે મિતેશને ઝડપી લીધો હતો અને આગળની કાર્યવાહી માટે સિટી 'સી' ડિવિઝન પોલીસને સોંપવા તજવીજ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે ઝડપાયેલા આરોપી મીત સામે અગાઉ સિટી 'બી' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં બે અને સિટી 'સી' ડિવિઝનમાં બે મળી કુલ ચાર ગુનાઓ નોંધાયેલા છે.

### જુગારના ધમધમતા અખાડા

(પાના નં. ૪ થી આગળ)

નજીક આવેલા લાડવા ગામના વાડી વિસ્તારમાં રહેતા ભીમાભા લાલાભા વાઘા નામના શખ્સ દ્વારા પોતાના વાડીના રહેણાંક મકાનમાં બહારથી માણસો બોલાવી અને અહીં જુગાર રમવા માટે લાઈટ, પાણી અને જુગારના સાધનોની વ્યવસ્થા પૂરી પાડી અને તેના બદલામાં નાલ ઉઘરાવી, રમાડાતા જુગારના અખાડા પર દરોડાની કાર્યવાહી કરવામાં આવી હતી.

આ દરોડા દરમિયાન પોલીસે ભીમાભા લાલાભા વાઘા, વેજાભા સાર્દૂરભા જામ, હધુભા ભીખાભા નાયાણી, અંકિત ભીખારામ દુધરેજીયા, છગન ખેતા લધા, જેસાભા લાલાભા ભઠ્ઠડ, મનુભા રામસીભા માણેક, ભાવુભા જીવાભા વાઘા અને કનૈયાભા ગગાભા વાઘા નામના નવ શખ્સોને દબોચી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આ શખ્સો પાસેથી પોલીસે રૂપિયા ૧,૧૦,૨૦૦ ની રોકડ રકમ તથા રૂપિયા ૩૫,૦૦૦ ની કિંમતના સાત નંગ મોબાઈલ ફોન, ટોર્ચ લાઈટ અને રૂપિયા એક લાખની કિંમતના ચાર મોટરસાયકલ મળી, કુલ રૂ. ૨,૪૫,૩૦૦ નો મુદ્દામાલ કબજે કરી, જુગારધારાની કલમ હેઠળ ગુનો દર્જ કરવામાં આવ્યો હતો.

### જામનગરમાં શિતળા

(પાના નં. ૩ થી આગળ)

કરી હતી. મંદિર નજીક ના વિસ્તારમાં સવારથી જ ભક્તિમય વાતાવરણ જોવા મળ્યું હતું. મોટી સંખ્યામાં બહેનો દર્શનાર્થે પહોંચતાં મંદિર વિસ્તારમાં ધાર્મિક માહોલ સર્જાયો હતો. શ્રદ્ધાળુઓની આસ્થાને ધ્યાનમાં રાખીને દર્શન અને પૂજા માટેની વ્યવસ્થા કરવામાં આવી હતી.

ગઈકાલે શ્રાવણ સુદ સાતમ એટલે નાની સાતમ નિમિત્તે બાળકોના લાંબા આયુષ્ય માટે મહિલાઓ શીતળા માતાની પૂજા કરે છે તેમા ખાસ ચાંદીના પતરામાંથી બનેલ નેણ અર્પણ કરે છે.

### બાલવાની શાળા

(પાના નં. ૩ થી આગળ)

જમીન તથા ગ્રામ પંચાયતની સરકારી જમીનો સંબંધિત દફતરો અને મહેસૂલી રેકર્ડ સત્વરે દુરસ્ત કરવા પંચાયત મંત્રી તથા સંબંધિત સ્ટાફને જરૂરી આદેશો આપ્યા હતા. મુલાકાત દરમિયાન ગ્રામજનો સાથે મુક્તમને વાતચીત કરી તેમની સ્થાનિક જરૂરિયાતો અને સમસ્યાઓ સાંભળી હતી.

ગ્રામજનો દ્વારા રસ્તાના કામો, શાળાના મકાન તથા નવી આંગણવાડીના મકાન માટે કરવામાં આવેલી રજૂઆતો પરત્વે ગંભીરતા દર્શાવી સંબંધિત વિભાગના અધિકારીઓને સમયમર્યાદામાં ત્વરિત અને યોગ્ય કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી.

### મોરબીના વેપારી

(પાના નં. ૩ થી આગળ)

રૂ.૮૧,૦૪,૧૨૩ થતી હતી. માલ મેળવ્યા બાદ આરોપીઓએ પેમેન્ટ ચૂકવવાના વાયદા કર્યા હતા, પરંતુ નાણાં ચૂકવ્યા ન હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. વધુમાં આરોપીઓએ ભેગા મળી માલ સગેવગે કરી ફરિયાદી સાથે વેપારીક વિશ્વાસઘાત કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. પંચકોશી બી પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૫) અને ૬૧(૨) હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

### 'વન ડે, વન યુનિવર્સિટી'

(પાના નં. ૧ થી આગળ)

આ મુલાકાતો દરમિયાન મંત્રીઓ દેશના વર્તમાન પ્રશ્નો પર યુવાનોના વિચારો મેળવશે, સરકારી યોજનાઓ અંગે માહિતગાર કરશે અને તેમની કારકિર્દી સંબંધિત માર્ગદર્શન પૂરું પાડશે. આ સમગ્ર દેશવ્યાપી કાર્યક્રમનું સંકલન કરવાની મુખ્ય જવાબદારી શિક્ષણ મંત્રી પ્રહલાદ જોશી અને યુવા બાબતો તથા રમતગમત મંત્રી મનસુખ માંડવિયાને સોંપવામાં આવી છે. કેન્દ્ર સરકારનું આ કદમ યુવાનોના વિચારોને સીધા નીતિ-નિર્માણ સુધી પહોંચાડવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ બનશે.

### માર્ગ મોકળો

(પાના નં. ૧ થી આગળ)

પ્રણાલી અધિનિયમ ૨૦૦૭ માં સુધારો કરીને તેને કાયદો બનાવ્યો. જોકે, UPI પર શૂન્ય MDR સિસ્ટમમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. રાષ્ટ્રપતિએ કરવેરા અને અન્ય કાયદા (સુધારા) અધિનિયમ ૨૦૨૬ ને પણ મંજૂરી આપી, જે દેશમાં ઇલેક્ટ્રોનિક્સ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે કર પ્રોત્સાહનો પ્રદાન કરશે.

### 'વંદે માતરમ'

(પાના નં. ૧ થી આગળ)

કોઈ વિવાદ નથી, આને મુદ્દો બનાવવામાં આવી રહ્યો છે.' અમારું સ્ટેન્ડ પહેલા દિવસથી બિલકુલ સ્પષ્ટ રહ્યું છે, ૨૮ ઓક્ટોબર ૧૯૩૭નું જે વર્ઝન છે, ૨૪ જાન્યુઆરી ૧૯૫૦ બંધારણ સભાની આખરી બેઠકમાં, ડો. રાજેન્દ્ર પ્રસાદે દોહરાવ્યું હતું કે, જન-ગણ-મન રાષ્ટ્રીય ગાન હશે અને વંદે માતરમ રાષ્ટ્રીય ગીત હશે.

### અમેરિકી રાજદૂત

(પાના નં. ૧ થી આગળ)

સાર્જિયો ગોરે જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા સાથે ગુપકાર સ્થિત તેમના નિવાસસ્થાને મહત્વપૂર્ણ બેઠક કરી હતી. આ બેઠકમાં બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ વધારવા, પ્રવાસન, બાગાયત અને નવી અર્થવ્યવસ્થા જેવા ક્ષેત્રોમાં ભાગીદારી ગાઢ બનાવવા અંગે વિગતવાર ચર્ચા થઈ હતી. સાર્જિયો ગોરે જણાવ્યું હતું કે, કાશ્મીર ભારતનો એક મહત્વનો અને સુંદર ભાગ છે. આ અમારી ગરમજોશી ભરેલી મુલાકાત રહી છે, અને અમે આ સંબંધોને વોશિંગ્ટન અને દિલ્હી સુધી આગળ ધપાવવા ઉત્સુક છીએ.

## STOP PRESS


### ભાવનગરના ખરકડીમાં નકલી દારૂ કાંડઃ ૪ ના મોત, ૧૮ સારવાર હેઠળ, તપાસ SMCને સોંપાઈ

# ભાણવડના રાણપર ગામે LCBની રેડઃ બાવળની ઝાળીમાંથી દેશી દારૂ ઝડપાયો, આરોપી ફરાર



**હિન્દ ન્યુઝ, ભાણવડ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાના રાણપર ગામે LCBએ દરોડો પાડી બાવળની ઝાળીમાં છુપાવેલો દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. જોકે, દરોડા દરમિયાન આરોપી સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.પોલીસને બાતમી મળી હતી કે રાણપર ગામનો બાલુભાઈ ભાયાભાઈ રબારી, રાણપરથી ધામણીનેશ તરફ જતા રસ્તે કેનાલ નજીક બાવળની ઝાળીમાં દેશી દારૂનો જથ્થો રાખી હેરાફેરી કરે છે. આ બાતમીના આધારે LCBની ટીમે કાર્યવાહી કરી હતી. બાતમીના સ્થળે રેડ કરતા પોલીસને દારૂનો જથ્થો મળી આવ્યો હતો, પરંતુ આરોપી બાલુભાઈ રબારી હાજર મળ્યો ન હતો અને ફરાર થઈ ગયો હતો. આ મામલે LCBના પોલીસ કોન્સ્ટેબલ મનહરસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવતા ભાણવડ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.આ સમગ્ર કાર્યવાહી રાજકોટ વિભાગના નાયબ પોલીસ મહાનિરીક્ષક નિર્લિપ્ત રાય અને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ અધિક્ષક જયરાજસિંહ વાળાની સૂચના હેઠળ LCBના I/C પોલીસ ઇન્સ્પેક્ટર એન.એચ. જોષીના માર્ગદર્શનથી PSI બી.એમ. દેવમુરારી અને PSI એમ.આર. સવસેટાની ટીમ દ્વારા કરવામાં આવી હતી.



### અવસાન નોંધ

**જેતપુરઃ** જેતપુર નિવાસી ભાવસાર અલ્પેશભાઈ મહેન્દ્રભાઈ કુંડલિયા (મારડીયા) ઉ.વ.૫૬નું તા.૧૯.૮.૨૦૨૬ને બુધવારના રોજ અવસાન થયું છે. તેઓગોપાલભાઈ અને નીતાબેનના મોટાભાઈ તેમજ મેહુલભાઈ તેમજ શિવમભાઈના પિતા થાય.

# જામનગરમાં શિતળા માતાજીના મંદિરે દર્શનાર્થીઓની કતારો લાગી

**સમય સંદેશઃ જામનગર**

છોટી કાશીના નામથી પ્રચલિત જામનગર શહેરમાં ધાર્મિક પરંપરાઓ અને તહેવારોની ઉજવણીનો અનોખો માહોલ જોવા મળે છે. શ્રાવણ સુદ સાતમ એટલે કે નાની શીતળા સાતમના પવિત્ર દિવસે શહેરના ચાંદી બજાર વિસ્તારમાં આવેલા શીતળા માતાજીના મંદિરે બહેનોએ મોટી સંખ્યામાં ઉમટી પડી પૂજા-અર્ચના કરી હતી. શહેરના જૂના બુગદામાં આવેલા શીતળા માતાજીના મંદિર ખાતે વહેલી સવારથી જ દર્શન માટે બહેનોની કતારો લાગી હતી. શ્રદ્ધાળુ







તસવીરઃ હિરેન ગાંધી

બહેનોએ શીતળા માતાજીના દર્શન કરી પૂજા-અર્ચના સાથે પરિવારના સુખ-શાંતિ અને આરોગ્ય માટે પ્રાર્થના કરી હતી. નાની શીતળા સાતમના દિવસે મહિલાઓ દ્વારા માતાજીની પૂજા કરવાની અને ધાર્મિક પરંપરા નિભાવવાની વર્ષો જૂની પરંપરા છે. આ દિવસે ઘરમાં અગાઉથી તૈયાર કરવામાં આવેલા ઠંડા ભોજનનો પ્રસાદ ધરાવી માતાજીની આરાધના કરવામાં આવે છે. જામનગરના આ પ્રાચીન શીતળા માતાજીના મંદિરે પણ પરંપરાગત રીતે બહેનોએ શ્રદ્ધાપૂર્વક પૂજા-અર્ચના

અનુ પાના નં.૨ પર

# જામનગર અને ધ્રોલ બસ સ્ટેન્ડમાં શરૂ થશે ગ્રામહાટ એસટી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વચ્ચે એમઓયુ

**સમય સંદેશઃ જામનગર**

ગ્રામ્ય વિસ્તારના મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત વિવિધ સ્થાનિક ઉત્પાદનોને વધુ સશક્ત બજાર વ્યવસ્થા મળી રહે અને ગ્રામ્ય બહેનોને તેમના ઉત્પાદનોના વેચાણ માટે યોગ્ય પ્લેટફોર્મ ઉપલબ્ધ થાય તે દિશામાં જામનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વપૂર્ણ પહેલ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત જામનગર એસટી વિભાગીય કચેરી અને જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી વચ્ચે ગ્રામ હાટ માટે બસ સ્ટેશન ખાતે યોગ્ય જગ્યા ફાળવવા અંગે ખધગ્ઝ કરવામાં આવ્યા છે.

આ પહેલનો મુખ્ય ઉદ્દેશ ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યરત મહિલા સ્વસહાય જૂથો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓને મુસાફરો તથા શહેરી ગ્રાહકો સુધી પહોંચાડવાનો અને તેમના ઉત્પાદનોને બજાર ઉપલબ્ધ કરાવવાનો છે. આ MOU અંતર્ગત જામનગરમાં નિર્માણ પામી રહેલ નવા બસ સ્ટેન્ડ



તસવીરઃ હિરેન ગાંધી

તથા ધ્રોલ બસ સ્ટેશન ખાતે ગ્રામ હાટ માટે જગ્યા ઉપલબ્ધ કરાવવામાં આવશે. બસ સ્ટેશન જેવા સતત લોકોની અવરજવર ધરાવતા સ્થળે ગ્રામ્ય વિસ્તારની બહેનોના ઉત્પાદનોને વેચાણ માટે સ્થાન મળવાથી સ્થાનિક ઉત્પાદકોને નવા બજારો પ્રાપ્ત થશે અને તેમની આવકમાં વધારો થશે.

આ પહેલ થકી મધ્યસ્થી વિના ગુણવત્તાયુક્ત સ્થાનિક ઉત્પાદનોને સીધા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે. અને સ્થાનિક ઉત્પાદકોને નવા બજારની તકો મળશે, ગ્રામ્ય અર્થતંત્રને પ્રોત્સાહન મળશે અને મહિલા સ્વસહાય જૂથોને પોતાના ઉત્પાદનોનું સીધું વેચાણ કરવાની તક મળશે. સાથે સાથે ગ્રાહકોને પણ ગુણવત્તાયુક્ત સ્થાનિક ઉત્પાદનો એક જ સ્થળેથી સરળતાથી ઉપલબ્ધ થશે. ગુજરાત લાઇવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ દ્વારા મહિલા સ્વસહાય જૂથોને આર્થિક રીતે સશક્ત બનાવવા, તેમના ઉત્પાદનોને બજાર સાથે જોડવા તથા સ્થાનિક ઉત્પાદન - સ્થાનિક બજારની સંકલ્પનાને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓની કડીરૂપે આ પહેલને મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. ત્ર્જ્જ્ઝઈ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી તથા સંબંધિત વિભાગોના સંકલિત પ્રયાસોથી ગ્રામહાટની આ વ્યવસ્થા ગ્રામ્ય મહિલા ઉદ્યોગસાહસિકો માટે નવી તકોનું સર્જન કરશે અને સહયોગથી સંકલ્પ, સંકલ્પથી વિકાસના વિચારને સાકાર કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

# બાલવાની શાળા અને પંચાયત કચેરીની મુલાકાત લેતા કલેક્ટર



તસવીરઃ હિરેન ગાંધી




**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના બાલવા ગામે જિલ્લા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યા દ્વારા પ્રાથમિક શાળા, આંગણવાડી તથા ગ્રામ પંચાયત કચેરીની આકસ્મિક મુલાકાત લઈને શૈક્ષણિક તથા પંચાયતી કામગીરીનું નિરીક્ષણ આવ્યું હતું. મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ આંગણવાડી તથા પ્રાથમિક શાળાના બાળકો સાથે સહજ સંવાદ સાધીને તેમની વાંચન ક્ષમતા અને અક્ષરજ્ઞાનની તથા કેન્દ્ર દ્વારા અપાતા પોષણ આહારની પ્રત્યક્ષ ચકાસણી કરી હતી. વાડી વિસ્તારમાંથી આવતા શૈક્ષણિક રીતે નબળા બાળકોને વિશેષ તાલીમ અને માર્ગદર્શન આપી આગળ લાવવા શિક્ષકોને ખાસ સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત, બાળકોના સર્વાંગી વિકાસ માટે તેઓને અભ્યાસની સાથે યોગ, ખેલકૂદ અને અન્ય ઇતર પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લેવા પ્રોત્સાહિત કરવા અંગે પણ શિક્ષકો સાથે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. ત્યારબાદ કલેક્ટરશ્રીએ બાલવા ગ્રામ પંચાયત કચેરીની મુલાકાત લઈને સામાન્ય દફ્તર તપાસ કરી હતી, જેમાં ઈનામી

અનુ પાના નં.૨ પર

# આજે પાર્શ્વનાથ ભગવાનનો નિર્વાણ કલ્યાણક ઉજવાશે



**સમય સંદેશઃ જામનગર**

જામનગરના પટેલ કોલોની વિસ્તારમાં આવેલા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ જિનાલયે કલિકાલ કલ્પતરુ, અચિન્ય ચિંતામણી, પ્રગટ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ પરમાત્માનું આજ શ્રાવણ સુદ ૮, તા. ૨૦/૮/૨૦૨૬ને ગુરૂવારે નિર્વાણ કલ્યાણક ઉજવવામાં આવશે. શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નિર્વાણ કલ્યાણક કલ્યાણકારી નિશ્રા યુગપ્રધાન આચાર્યસમ પરમ પૂજ્ય પંન્યાસ પ્રવર ચંદ્રશેખરવિજયજી મહારાજાના શિષ્યરત્ન નવકાર મહામંત્ર લેખન પ્રણેતા પૂ. મુ.નિરાજ દિવ્યપદ્મવિજયજી મ.સા. તથા પૂ. આ. હેમવલ્લભસૂરિ મ. સ. શિષ્યરત્ન પૂ. મુનિરાજ દેવર્ષિવલ્લભવિ, મ. સા. તથા સાધ્વીવર્યા હર્ષગુણાશ્રીજી આદિ ઠાણાની નિશ્રામાં પરમાત્માના કલ્યાણક નિમિતે સવારે ૬ કલાકે પ્રભુ મિલન વિશિષ્ટ મંત્રોચાર તથા સુમધુર સંગીતના સથવારે વિશિષ્ટ દ્રવ્યો દ્વારા પરમાત્મા અભિષેક સાંજે ૮:૩૦ કલાકે, પ્રભુ ભક્તિ-મહા આરતી આ બંને કાર્યક્રમમાં કેતનભાઈ દેઢિયા ભક્તિ-સંગીત-સ્તવન રજૂ કરશે.

સાંજે ૬ વાગ્યે પ્રભુજીને ભવ્ય અંગ રચના કરવામાં આવશે. આ દિવસે શ્રીસંઘમાં વધુમાં વધુ આયંબિલ થશે. આ તમામ કાર્યક્રમમાં જામનગરના તમામ સકળ સંઘના જૈન-જૈનેતરોને પધારવા શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ શ્વેતામ્બર મૂર્તિ પૂજક જિનાલય ટ્રસ્ટ દ્વારા યાદીમાં જણાવાયું છે.

# લેન્ડ રેકર્ડ વિભાગના વર્ગ-૩ના કર્મચારીઓનું પડતર પ્રશ્ને આવેદન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરની જિલ્લામાં પણ લેન્ડ રેકર્ડ વિભાગના વર્ગ-૩ ના સર્વેયરો, કર્મચારીઓના પડતર પ્રશ્નો ઉકેલાતા ન હોવાથી કર્મચારીઓએ આજે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે જઈને આવેદન આપીને જો પ્રશ્નો નહીં ઉકેલાય તો આગામી તા. ૧૧ સપ્ટેમ્બરથી તમામ કર્મચારીઓ કચેરીમાં હાજર રહીને પેન ડાઉન કરીને કામગીરી બંધ કરીને વિરોધ દર્શાવવાનું શરુ કરશે. હાલ ટેકનિકલ કારણોસર કર્મચચીરીઓના બે માસથી પગાર પણ થયા ન હોવાથીકર્મચારીઓમાં નારાજગી છે. ગુજરાત રાજ્ય લેન્ડ રેકર્ડઝ વર્ગ-૩ કર્મચારી મંડળના જામનગર યુનિટના પ્રમુખ સી. ડી. નકુમ, ઉપપ્રમુખ જે. એ. ફલીયા તથા મંડળના ડી. એન. કરંગીયા, નિધિબેન રાવલ, આર. જી. ગોસાઈ અને કર્મચારીઓએ કલેક્ટર કચેરી ખાતે પહોંચીને સિનિયર સર્વેયર સંવર્ગનું પગાર ધોરણ રૂ.૨૯,૨૦૦ થી ૯૨,૩૦૦, પે મેટ્રીક્સ લેવલ-૫ (મેડ પે ૨૮૦૦) માંથી પગાર ધોરણ ૩૯,૯૦૦ થી ૧,૨૬,૦૦૦ પે મેટ્રીક્સ લેવલ-૭ કરવા અંગે તેમજ



તસવીરઃ હિરેન ગાંધી

સર્વેયર વર્ગના પગાર ધોરણ રૂ. ૨૫,૫૦૦ થી ૮૧,૧૦૦ અને પે મેટ્રીક્સ લેવલ-૪ (મેડ પે - ૨૪૦૦) માંથી રૂ.૨૯,૦૦ થી ૯૨, ૩૦૦ પે મેટ્રીક્સ લેવલ પાંચ (ગ્રેડ પે ૨૮૦૦) માં કરવાના અણઉકેલ મુદ્દા ઉકેલાય તેવી માંગણી સાથે આવેદન આપ્યું હતું.

# મોરબીના વેપારી દ્વારા જામનગરના આઠ સામે ૮૧ લાખની ઠગાઈની ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના દરેડ જીઆઈડીસીમાં આવેલી શ્રીજી એન્ટરપ્રાઇઝ સામે મોરબીના યુવાન વેપારીએ રૂ.૮૧.૦૪ લાખના કોપર માલનું પેમેન્ટ નહીં ચૂકવી વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાવતા પોલીસ દોડતી થઈ છે. ફરિયાદ મુજબ આરોપીઓએ પૂર્વ આયોજિત કાવતરું રચી ફરિયાદી સાથે વેપારીક સંબંધ કેળવ્યો હતો. ત્યારબાદ ફરિયાદી પાસેથી કોપરનો માલ મંગાવી રૂપિયા ન ચૂકવ્યાની ફરિયાદ નોંધાઈ છે.

મીત દેવાભાઇ અવાડીયા (ઉ.વ.૨૧ ધંધો વેપાર રહે, ક્રીષ્ના નિવાસ ધર્મસૃષ્ટી સોસાયટી શેરી ન.૦૮ ભક્તિનગર પાસે મોરબી) એ આરોપી ગોપાલભાઇ મનસુખભાઇ પટેલ એક્ટીવ એન્ટરપ્રાઇઝ રાજકોટ, પરેશભાઇ દેવશીભાઇ ગોહીલ દરેડ જી.આઇ.ડી.સી. ફેસ ૦૩ પ્લોટ ન.૪૧૧૭ શ્રીજી એન્ટરપ્રાઇઝ, દેવિસિંહ ખેમસિંગ ખરવડ, હાફીસ, ભુપેન્દ્રસિંહ જાડેજા, જયરાજસિંહ પ્રતાપસિંહ જાડેજા, દેવેન્દ્રસિંહ મહીપતસિંહ સરવૈયા, વિનોદકુમાર બાહેદીયા (દરેડ જી.આઇ.ડી.સી. સાવરીયા મેટલ્સ) સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે.

જેમાં જણાવાયા અનુસાર આરોપીઓએ ફરિયાદી પાસેથી મીલબેરી પ્રકારનો પાંચ ટન (૫,૦૦૦ કિલો) કોપરનો માલ પ્રતિ કિલો રૂ.૧,૩૭૧ના ભાવે ખરીદ્યો હતો. જીએસટી સહિત માલની કુલ કિંમત

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં જામ્યુકો સંચાલિત શ્રાવણી મેળા માટે ૬ પ્લોટની હરરાજી



તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

આખરે વિવાદમાં રહેલ જામનગર મહાનગરપાલિકા સંચાલિત લોકમેળામાં પ્લોટની આજે હરાજી શરૂ કરવામાં આવી હતી. અગાઉ સિંગલ ટેન્ડર અને અન્ય ટેકનિકલ કારણોસર પ્લોટની ફાળવણી મોકૂફ રાખવામાં આવી હતી. ગઈકાલે જામનગર મહાનગરપાલિકા ફાયર વિભાગના હોલમાં મનપાના અધિકારીઓએ કાર્યવાહી શરૂ કરી હતી. પ્રદર્શન ગ્રાઉન્ડ ખાતે આયોજિત લોકમેળામાં કુલ ૪૩ પ્લોટ માટે ટેન્ડર કાર્યવાહી હાથ ધરાઈ રહી છે અગાઉ ૪૩ માંથી ૩૭ પ્લોટ માટેની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આજે ૬ પ્લોટની હરાજી કાર્યવાહી શરૂ વિડિયો રેકોર્ડિંગ અને સંપૂર્ણ પારદર્શક પદ્ધતિથી મનપા દ્વારા જાહેર હરાજી કરવામાં આવી હતી.

# છેતરપીંડી અને વિશ્વાસઘાત ના ચકચારી કેસમાં વેપારી આરોપીની જામીન અરજી રદ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં કાપડના વેપાર અને ક્રેડિટ કાર્ડમાં રોકાણના નામે ઊંચા વળતરની લાલચ આપી ગ્રાહકો તથા વેપારીઓ સાથે રૂ. ૨.૬૩ કરોડથી વધુની છેતરપિંડી આચરનાર આરોપી હિતેશ લક્ષ્મીકાંત ગોહીલની જામીન અરજી પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટે ફગાવી દીધી છે. જિલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરીની દલીલોને ધ્યાને રાખીને અદાલતે આરોપીને જેલહવાલે રાખવાનો આદેશ કર્યો છે. ગત તા. ૨૪ મેના રોજ જામનગર સિટી એ ડિવિઝન પોલીસ મથકે મુસ્તાકભાઈ ઈબ્રાહીમભાઈ સાબુવાલા દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદના આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૬(૫) અને જી.પી.આઈ.ડી. એક્ટ હેઠળ ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી.

આ કેસની વિગત મુજબ, સુપર માર્કેટમાં 'દીપાલી ટેઈલર્સ એન્ડ ડ્રેસીસ' નામે દુકાન ધરાવતા આરોપી હિતેશ ગોહીલે પોતે બેંકોના ક્રેડિટ કાર્ડનો એજન્ટ હોવાની ઓળખ આપી હતી. તેણે ક્રેડિટ કાર્ડ અને કાપડના ધંધામાં રોકાણ પર એકથી દોઢ ટકા કમિશન આપવાની લાલચ આપી ફરીયાદી અને અન્ય લોકો પાસેથી રોકડા, ઓનલાઈન ટ્રાન્સફર તેમજ ક્રેડિટ કાર્ડ મારફતે રૂ. ૨,૬૩,૭૪,૬૮૯ મેળવી લીધા હતા. આરોપીએ સિક્યોરિટી પેટે પોતાના અને પિતાના નામના ચેકો તથા નોટરાઈઝ લખાણ આપી લોકોનો વિશ્વાસ જીત્યો હતો અને 'પે વેદા' નામની મોબાઈલ એપ્લિકેશન દ્વારા આ સમગ્ર નેટવર્ક ચલાવી કરોડો રૂપિયા પચાવી પાડી નાસી છૂટ્યો હતો.

જામીન અરજીની સુનાવણી દરમિયાન જિલ્લા સરકારી વકીલ જમન કે. ભંડેરીએ અદાલત સમક્ષ સખત વિરોધ દર્શાવતા જણાવ્યું હતું કે, આરોપી આ ગંભીર આર્થિક ગુનાનો મુખ્ય સૂત્રધાર છે અને તેની સામે પ્રથમ દર્શનીય કેસ સાબિત થાય છે. બેંકિંગ સિસ્ટમનો ઉપયોગ કરી આચરવામાં આવેલા આ સુનિયોજિત ષડયંત્રમાં તપાસ હજુ ચાલુ છે. જો આરોપીને જામીન મુક્ત કરવામાં આવે તો તે ડિજિટલ પુરાવા સાથે ચેડાં કરી શકે છે અથવા સાક્ષીઓ પર દબાણ લાવી શકે તેવી પૂરેપૂરી શક્યતા છે. કોર્ટે આ દલીલો ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી ના મંજૂર કરી હતી.

# જામનગરમાં બીજા માળેથી પટકાયેલ કડીયાનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર નજીકના ખીમરાણા ગામ શાકમાર્કેટ પાસે રહેતાં બાબુભાઇ ડાયાભાઇ ગોહિલ (ઉ.વ.૪૯) નામનો યુવાન ગઇકાલે જામનગર શહેરના પટેલ કોલોની શેરી નં. ૬ માં કડિયા કામ કરી રહ્યો હતો. દરમિયાન કામ કરતા બાબુભાઇ બીજા માળેથી નીચે પટકાયા હતાં. જેથી તેને તાત્કાલિક સારવાર માટે શહેરની જી.જી.હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો. જ્યાં ફરજ પરના ડોકટરોએ યુવાનને તપાસી મોત નિપજ્યાનું જાહેર કર્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના મોટાભાઇ હિરાભાઇ ગોહિલે પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં વોર્ડ નં.૩ના નગરસેવક દ્વારા વડીલોનું સન્માન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા ના પૂર્વ સ્ટેન્ડિંગ કમિટી ના ચેરમેન શ્રી તથા વોર્ડ નંબર- ૩, ના કોર્પોરેટર સુભાષભાઈ જોષી તથા તેમના પરિવાર દ્વારા ગયા માર્ચ મહિનામાં વડીલ વંદના સન્માન કાર્યક્રમ રાખવામાં આવેલ હતો તે દરમ્યાન ફોર્મ ભરેલા અને અનીવાર્ય સંજોગોમાં સન્માન થી બાકી રહેલા




વડીલો ના શ્રી રામ મંદિર જંયત સોસાયટીમા વડીલ વંદના કાર્યક્રમ રાખવા મા આવેલ હતો. જેમા પુરુષો સંચાલિત શ્રી સોમનાથ મહાદેવ સત્સંગ મંડળ અને મહીલા સંચાલિત શ્રી રામ મંદિર મહીલા સત્સંગ મંડળ ના તમામ સભ્યો ના સન્માન કરી મોમેન્ટ અર્પણ કરી સાથે સમાપનમાં કરવામાં આવેલ હતો.

# જામજોધપુરના વેરાવળ ગામે જુગાર દરોડોઃ ચાર શખ્સો આબાદ ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર પોલીસને વેરાવળ ગામે પાણીના ટાંકા પાસે કેટલાક શખ્સો ગંજીપત્તાના પાનાં તથા રોકડ રકમ વડે તીનપત્તીનો જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જેના આધારે પોલીસ સ્ટાફે સ્થળ પર દરોડો પાડતાં જુગાર રમતા ચાર શખ્સો મળી આવ્યા હતા. જ્યારે પોલીસની કાર્યવાહી દરમિયાન બે શખ્સો નાસી છૂટ્યા હતા. પોલીસે સ્થળ પરથી ફારૂકભાઈ ઉઢાભાઈ ઘુઘા, ઉંમર ૩૫, રહે. સેવક દેવળીયા ગામ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકા; બસીરભાઈ અહેમદભાઈ સમા, ઉંમર ૪૮, રહે. રબારી પા, જામજોધપુર; વિજયભાઈ ગોરાભાઈ સોલંકી, ઉંમર ૪૫, રહે. આંબેડકર ચોક, જામજોધપુર અને ઈબ્રાહીમભાઈ હાસમભાઈ ઘુઘા, ઉંમર ૬૦, રહે. સેવક દેવળીયા ગામ, તા. ભાણવડ, જી. દેવભૂમિ દ્વારકાને ઝડપી પાડ્યા હતા. આરોપી નં.૧ થી ૩ની ધોરણસર ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે આરોપી નં.૪ને નોટિસ આપવામાં આવી હતી. પોલીસે દરોડા દરમિયાન રોકડા રૂ.૧૩,૬૦૦, ગંજીપત્તાના પાનાં નંગ-૫૨ તથા બે મોટરસાયકલ, જેની કુલ કિંમત રૂ.૫૦,૦૦૦, મળી કુલ રૂ.૬૩,૬૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# જામનગરમાં રહેણાક મકાનમાં ફ્રીઝમાં આગ, જાનહાની ટળી





તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં હિંમતનગર શેરી નંબર ૨ માં એક રહેણાક મકાનના ફ્રીઝમાં આગ લાગી હતી. મકાનમાં ફ્રીઝમાં અચાનક આગ લાગતા દોડધામ મચી ગઇ હતી. જામનગરના ધન્વંતરી ગ્રાઉન્ડ સામે હિંમતનગર શેરી ન.બેમાં આવેલા મકાનમાં ફ્રીઝમાં અચાનક આગ લાગતા દોડધામ મચી હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો.સદનસીબે આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. આગ લાગવાનું પ્રાથમિક કારણ શોર્ટ સર્કિટનું હોવાનું બહાર આવ્યું છે.

# જામનગર મનપાની નિષ્ક્રિયતા? શહેરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયામાં મચ્છરોનો ઉપદ્રવ

## શાળાઓની આસપાસ ગંદા પાણીમાં મચ્છરો જોવા મળતા વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય અંગે ચિંતા

**સમય સંદેશઃ જામનગર**
**(ભાર્ગવી યોગેશભાઈ વ્યાસ દ્વારા)**

ચોમાસાની ઋતુ દરમિયાન જામનગર શહેરમાં પાણી ભરાવાની સમસ્યા વચ્ચે હવે ઠેર ઠેર જોવા મળતા ગંદા પાણીના ખાબોચિયા લોકો માટે ચિંતાનો વિષય બન્યા છે. શહેરના અનેક વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલના અભાવે તેમજ ગંદા પાણીના ભરાવાથી ખાબોચિયા સર્જાયા છે. આ પાણીમાં મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાના દશ્યો પણ સામે આવ્યા છે.

શહેરના કેટલાક વિસ્તારોમાં લાંબા સમયથી પાણી ભરાયેલું રહેતા ગંદકીનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. પાણીના ખાબોચિયામાં મચ્છરો ખદબદતા હોવાના કારણે સ્થાનિકોમાં મચ્છરજન્ય રોગચાળો ફેલાવાની ભીતિ ઉભી થઈ છે. ખાસ કરીને ચોમાસાની ઋતુમાં પાણી ભરાયેલા સ્થળો મચ્છરોના પ્રજનન માટે અનુકૂળ બની રહેતા હોવાથી તંત્ર દ્વારા સમયસર સફાઈ અને દવા છંટકાવની કામગીરી કરવી જરૂરી બને છે. ચિંતાજનક બાબત એ છે કે શહેરની કેટલીક શાળાઓ નજીક પણ પાણીના ખાબોચિયા જોવા મળી રહ્યા છે. જ્યાં મોટી સંખ્યામાં



તસવીરઃ હિરેન ગાંધી

વિદ્યાર્થીઓ અવરજવર કરે છે, તેવી શાળાઓની આસપાસ જ ગંદુ પાણી ભરાયેલું રહેતા વિદ્યાર્થીઓના આરોગ્યને લઈને વાલીઓમાં પણ ચિંતા જોવા મળી રહી છે. શાળાની આસપાસ મચ્છરોનો ઉપદ્રવ વધે તો વિદ્યાર્થીઓના સ્વાસ્થ્ય પર તેની વિપરીત અસર થવાની શક્યતા નકારી શકાય નહીં.

સ્થાનિકોનું કહેવું છે કે ચોમાસા દરમિયાન પાણી ભરાતા સ્થળોની નિયમિત સફાઈ, મચ્છર નિયંત્રણ માટે દવાનો છંટકાવ અને ફોગિંગ સહિતની કામગીરી અસરકારક રીતે કરવામાં આવે તે જરૂરી છે. માત્ર ફરિયાદો બાદ કાર્યવાહી કરવાને બદલે મનપા દ્વારા આવા સ્થળોની ઓળખ કરી અગાઉથી જ જરૂરી પગલાં લેવામાં આવે તેવી માંગ ઉઠી છે. હવે સવાલ એ છે કે શહેરમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા સર્જાયા હોવા છતાં જામનગર મહાનગરપાલિકા દ્વારા મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે કેટલી અસર કારક કામગીરી કરવામાં આવી રહી છે?

શાળા નજીકના પાણી ભરાયેલા સ્થળો અંગે પણ તંત્ર ક્યારે ગંભીરતાથી કાર્યવાહી કરશે? શહેરમાં ગંદકી અને પાણી ભરાવાની સમસ્યાનો તાત્કાલિક નિકાલ કરવામાં આવે તેમજ મચ્છરોના ઉપદ્રવને અટકાવવા દવા છંટકાવ અને ફોગિંગ સહિતની કામગીરી હાથ ધરવામાં આવે તેવી સ્થાનિકો દ્વારા જામનગર મહાનગરપાલિકા સમક્ષ માંગ કરવામાં આવી છે.

# જામનગર વૃંદાવન પાર્ક-૨માં જાહેર રસ્તા પર ગેટ, વાલીઓ-રાહદારીઓ પરેશાન

**સમય સંદેશઃ જામનગર**

રણજિત સાગર રોડ પર આવેલા વૃંદાવન પાર્ક-૨માં કાલિંદી સ્કૂલની બાજુની ગલીમાં રહીશો દ્વારા જાહેર રસ્તા પર બંને બાજુ ગેટ મુકવામાં આવતા રસ્તો બંધ થઈ ગયો છે. જેના કારણે રાહદારીઓ તેમજ વાહનચાલકોને અવરજવરમાં મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. ગલીની બાજુમાં સ્કૂલ આવેલી હોવાથી વાલીઓ બાળકોને મૂકવા અને લેવા માટે દરરોજ અહીંથી પસાર થાય છે. ગેટના કારણે



તસવીરઃ હિરેન ગાંધી

ખાસ કરીને સ્કૂલ સમય દરમિયાન ટ્રાફિક અને અવરજવરની સમસ્યા સર્જાઈ રહી છે. સ્થાનિક વાલીઓ અને રાહદારીઓ દ્વારા જાહેર રસ્તા પર મુકવામાં આવેલા બંને ગેટ તાત્કાલિક દૂર કરી રસ્તો ખુલ્લો કરવાની માંગ કરવામાં આવી છે, જેથી સ્થાનિક લોકોની અવરજવર સરળ બની શકે.

# જામનગર જિલ્લામાં પાંચ સ્થળેથી જુગાર રમતા ૨૭ ઝડપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં પોલીસે જુગાર પ્રવૃત્તિ સામે લાલ આંખ કરી અલગ-અલગ પાંચ સ્થળોએ દરોડા પાડ્યા હતા. ધ્રોલ તાલુકાના હાડાટોડા, જામજોધપુરના વેરાવળ, કાલાવડના નિકાવા, લાલપુરના સેવક ભરૂડિયા ગામ અને લાલપુર શહેરમાં પાડવામાં આવેલા આ દરોડા દરમિયાન પોલીસે કુલ ૨૭ જુગારીઓની અટકાયત કરી હતી. દરોડા દરમિયાન પોલીસે કુલ રૂ. ૨.૩૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ આરોપીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ધ્રોલ પોલીસે હાડાટોડા ગામની સીમમાં મનહરસિંહ જાડેજાની વાડીએ આવેલા મકાનમાં ચાલી રહેલા જુગારધામ પર દરોડો પાડ્યો હતો. જયાંથી જુગાર રમતા બ્રિજરાજસિંહ જાડેજા, જયેન્દ્રસિંહ જાડેજા, હરદેવસિંહ ચુડાસમા, પ્રતાપસિંહ જાડેજા, ગજેન્દ્રસિંહ જાડેજા, સંજયભાઇ ચાવડીયા અને રાજેન્દ્રસિંહ જાડેજા નામના સાત શખ્સોને ઝડપી લીધા હતા. પોલીસે તેમની પાસેથી રૂ. ૧,૨૨,૫૦૦ ની રોકડ અને રૂ. ૩૯,૦૦૦ ની કિંમતના સાત મોબાઈલ મળી કુલ રૂ. ૧,૬૧,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જામજોધપુર પોલીસે વેરાવળ ગામે પાણીના ટાંકા પાસેથી જાહેરમાં જુગાર રમતા ફારૂકભાઇ ઘુઘા, બસીરભાઇ સમા, વિજયભાઇ સોલંકી અને ઇબ્રાહીમભાઇ ઘુઘાને રૂ. ૧૩,૬૦૦ ની રોકડ અને રૂ. ૫૦,૦૦૦ ની કિંમતના બે મોટરસાઇકલ મળી કુલ રૂ. ૬૩,૬૦૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડ્યા હતા. ત્રીજા દરોડામાં કાલાવડ ગ્રામ્ય પોલીસે નિકાવા ગામે નદીના કાંઠેથી જીતેશભાઇ વાજલીયા, ભરતભાઇ વાજલીયા, રાહુલભાઇ વાજલીયા, પરેશભાઇ મણદરીયા અને લાલાભાઇ વાજલીયા નામના પાંચ શખ્સોને રૂ. ૧૧,૪૧૦ ની રોકડ રકમ સાથે ઝડપી લીધા હતા.

અન્ય એક દરોડામાં લાલપુર પોલીસે સેવક ભરૂડિયા ગામેથી જાહેરમાં જુગાર રમતા રાહુલભાઇ ડાભી, મુકેશભાઇ મકવાણા, હિતેશભાઇ નેસડીયા, પ્રવિણભાઇ બગડા, હુશેનભાઇ ખીરા અને અરજણભાઇ વરૂને રૂ. ૧૧,૫૫૦ ની રોકડ સાથે ઝડપ્યા હતા. જ્યારે પાંચમા દરોડામાં લાલપુર પોલીસે લાલપુર શહેરમાંથી ભાણજીભાઇ

અનુ પાના નં.૨ પર

# ઓપેરા એર્નજી સોલાર પ્લાન્ટના મેનેજર સહિત ત્રણ ઉપર હુમલો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં રહેતા અને ઓપેરા એનર્જી કંપનીમાં સાઇડ મેનેજર તરીકે ફરજ બજાવતા રાજેશભાઈ ઉર્ફે રાજુ મેપાભાઈ બરડીયાવદરા પોતાના મોટા ભાઈ રાયદેભાઈ સાથે રામપર ગામે સોલાર પ્લાન્ટની સાઇડ પર કામ કરી રહ્યા હતા. દરમિયાન બપોરના સમયે બસીર હબીબ સમા રહે. ચોરબેડી તથા ઈકબાલ ધૈયમ રહે. ગલપાદર સહિત આશરે આઠ જેટલા લોકો અલગ-અલગ મોટરસાયકલ પર ત્યાં આવ્યા હતા.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, બસીર સમાના હાથમાં લોખંડનો પાઇપ હતો જ્યારે ઈકબાલ સહિત અન્ય લોકો પાસે પણ પાઇપ અને ધોકા હતા. સોલાર પ્લાન્ટનું કામ બંધ કરવાનું અગાઉ જણાવ્યા છતાં કામ ચાલુ રાખ્યું હોવાનો આક્ષેપ કરી બસીરે રાજુને ગાળો આપી હતી. ગાળો આપવાની ના પાડતાં ઉશ્કેરાયેલા બસીરે લોખંડના પાઇપથી માથામાં ઘા મારવાનો પ્રયાસ કર્યો હતો. રાજુએ હાથ આડો ધરતાં પાઇપનો ઘા હાથમાં લાગ્યો હતો. ત્યારબાદ ઈકબાલે પણ લોખંડના પાઇપથી રાજુના ડાબા હાથ પર હુમલો કર્યો હતો, જ્યારે અન્ય એક અજાણ્યા શખ્સે જમણા પગના પંજા પાસે પાઇપનો ઘા મારતાં રાજુ નીચે પડી ગયા હતા. દરમિયાન વચ્ચે પડેલા રાયદેભાઈ અને નથુભાઈ ગાંગલીયા પર પણ હુમલાખોરોએ પાઇપ અને ધોકાથી માર માર્યો હોવાની ફરિયાદ છે. બનાવ સમયે કંપનીના અજયભાઈ બારડ, પિયુષભાઈ બારડ અને ધવલભાઈ ચુડાસમા સહિતના લોકો દોડી આવતા હુમલાખોરોએ રાજુને હવે પછી કામ ચાલુ કરશો તો કોઈને જીવતા નહીં રહેવા દેવાની ધમકી આપી ત્યાંથી ફરાર થઈ ગયા હતા.

હુમલામાં રાજુના ડાબા હાથમાં ફ્રેક્ચર, જમણા હાથના અંગૂઠા પાસે ફ્રેક્ચર અને અન્ય ઇજાઓ થઈ હતી. રાયદેભાઈને પણ હાથની આંગળીમાં ફ્રેક્ચર સહિતની ઇજાઓ થઈ હતી, જ્યારે નથુભાઈને પગમાં ઈજા થઈ હતી. ત્રણેયને સારવાર માટે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે રાજેશભાઈ ઉર્ફે રાજુ બરડીયાવદરાએ

અનુ પાના નં.૨ પર

# જામજોધપુર વિસ્તારમાં પવનચકકીના વાયરની ચોરી કરતી ગેંગ ઝડપાઈ: રૂા.૧૬.૫૪ લાખનો મુદ્દામાલ કબ્જે

## ચારની ધરપકડ, અન્ય છ શખ્સોની પોલીસ દ્વારા શોધખોળ: તપાસનો ધમધમાટ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામનગર જિલ્લાના શેઠવડાળા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પવનચક્કીના ટાવરમાંથી મોંઘાડાટ કોપર વાયરની ચોરી કરતી શાતિર ગેંગનો લોકલ ક્રાઈમ બ્રાંચદ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે. રાજકોટ વિભાગના આઈજીપી નિર્લિપ્ત રાય અને જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિમોહન સૈનીની સૂચના તેમજ કઈઇ પીઆઈ વી.બી. ચૌધરીના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.વી. ભાટીયા અને ટીમે ટેકનિકલ સોર્સ અને સીસીટીવી ફૂટેજના આધારે દરોડો પાડી ૪ આરોપીઓને ઝડપી લીધા છે, જયારે અન્ય ૬ આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

પોલીસ તપાસમાં બહાર આવેલી વિગત મુજબ, ગત તા. ૨૪ જુલાઈની રાત્રે શેઠવડાળા-જશાપર રોડ પર આવેલા સુઝલોન રિન્યુએબલ ડેવલપમેન્ટ લિમિટેડના ટાવર લોકેશન નં. ૫૦૫ ખાતેના કન્ટેનરનું તાળું તોડી અંદરથી રૂ. ૧૦,૮૪,૬૦૦ ની કિંમતનો ૩૭૪ મીટર કોપર વાયર ચોરાયો હતો. આ અંગે ધ્રાફા ગામના યુવરાજસિંહ જાડેજાએ ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન મળેલી બાતમીના આધારે પોલીસે જામનગરના મહાકાળી સર્કલ પાસે આવેલા 'જય માતાજી સ્ક્રેપ'ના ભંગારના ડેલામાં દરોડો પાડી ચોરીના મુદ્દામાલ સાથે ચાર આરોપીઓની ધરપકડ કરી હતી.

પોલીસે આ ગુનામાં બાલાભાઈ અમરશીભાઈ વાઘેલા (ધ્રોલ), જસરાજ ઉર્ફે જગદીશ ઘેલાભાઈ માતંગ (બેડગામ), શની પ્રેમજીભાઈ પરમાર (સિક્કા) અને વિપુલભાઈ રમેશભાઈ રાઠોડ (જામનગર) ની ધરોપકડ કરી છે. તેમની પાસેથી ૪૮૮ કિલો કોપર વાયર, વાયર છોલવાના સાધનો, બજાજ મેક્સિમા રિક્ષા, મારૂતિ સ્વિફ્ટ કાર અને ૪ મોબાઈલ મળી કુલ રૂ. ૧૬,૫૪,૭૦૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.



આ ચોરીના પ્રકરણમાં ધીરૂ મનજી સોલંકી, સંજય જેન્તીભાઈ દેવીપૂજક, અજય સોલંકી, પ્રવીણ ઉર્ફે કરીમો વાઘેલા, કિશોર સોલંકી અને સુનીલ સોલંકી નામના અન્ય ૬ શખ્સોની સંડોવણી પણ ખૂલી છે, જેમને પકડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે. ઝડપાયેલા આરોપીઓ પૈકી કેટલાક અગાઉ પણ ચોરી અને પ્રોહિબિશન જેવા ગુનાઓમાં સંડોવાયેલા હોવાનું સામે આવ્યું છે.

# જામનગરમાં પોલીસ જાપ્તામાંથી ભાગેલો આરોપી અંતે ઝડપાયો



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં પોલીસ જાપ્તામાંથી ચાલુ મોટરસાયકલ પરથી કૂદીને ફરાર થઈ ગયેલા શાતિર આરોપી મીત ઉર્ફે મિતેશ ઉર્ફે મિતલો સુનિલ બારિયા (ઉ.વ. ૧૯, રહે. વુલનમીલ ખેતીવાડી) ને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ઝડપી પાડ્યો છે. સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશનના આ આરોપીને મંગળવારે જામનગર જિલ્લા MOB ખાતે ફોટા અને ફિંગરપ્રિન્ટ કરાવવા માટે લઈ જવામાં આવ્યો હતો. ત્યાંથી કામગીરી પૂર્ણ કરી પરત સિટી 'સી' ડિવિઝન પોલીસ સ્ટેશન લઈ જતી વખતે બપોરના સમયે ગુરુદ્વારા ચોકડીથી એમ.પી. શાહ કોલેજ રોડ પર બેટરીની દુકાન પાસે આ ઘટના બની હતી.

આરોપી મીત હોમગાર્ડ જવાન કિરણકુમાર ધીરજલાલ ત્રિવેદીની મોટરસાયકલ પાછળ બેઠો હતો. રસ્તામાં ટ્રાફિકના કારણે ગાડી ધીમી પડતાં આરોપી અચાનક ચાલુ બાઈકે કૂદી પડ્યો હતો અને પૂર્વ આયોજિત કાવતરા મુજબ પાછળથી આવતા પ્રકાશ ઉર્ફે પકો નામના પોતાના સાગરીતના મોટરસાયકલ પર બેસીને ભાગી છૂટ્યો હતો. આ ચકચારી બનાવ અંગે હોમગાર્ડ જવાન કિરણકુમાર ત્રિવેદીની ફરિયાદના આધારે સિટી 'સી' ડિવિઝનમાં આરોપી મીત બારિયા અને તેને ભગાડી જનાર પ્રકાશ ઉર્ફે પકા વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી હતી.

દરમિયાન, એલસીબીની ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે નાસી છૂટેલો આરોપી મીત બારિયા ચોક્કસ વિસ્તારમાં છુપાયેલો છે. બાતમીના આધારે પોલીસે દરોડો પાડી આરોપી મીત


અનુ પાના નં.૨ પર

# જામનગરમાં ટ્રાફિક ડ્રાઈવ દરમ્યાન ૪૦થી વધુ વાહન કરાયા ડિટેઇન

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી પોલીસ દ્વારા કરવામાં આવતી હોય છે કોઈ ઈચ્છાની બનાવ ન બને તે માટે તેઓ કાર્યવાહી કરતા હોય છે ત્યારે, જામનગર જીલ્લા પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈની દ્વારા

અનુ પાના નં.૨ પર



તસવીરઃ હિરેન ગાંધી

# ખંભાળીયામાં દુકાનમાંથી રોકડ સેરવી જનાર આરોપી ઝડપાયો

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયામાં એસ.એન.ડી.ટી. સ્કૂલ પાસે રહેતા અને જોધપુર ગેઈટ વિસ્તારમાં કાનાણી એન્ટરપ્રાઇઝ નામની દુકાન ધરાવતા સચિનભાઈ કનૈયાલાલ કાનાણી નામના વેપારી યુવાનની દુકાનમાં રવિવાર તા. ૧૬ ના રોજ મહેશ માલદે અસવાર નામનો ૨૪ વર્ષનો શખ્સ આવ્યો હતો અને તેણે તેમની દુકાનમાંથી ચટણી લેવાના બહાને વેપારીની નજર ચૂકવીને દુકાનના ખાનામાં રાખવામાં આવેલા રૂપિયા ૧૦,૦૦૦ ની રોકડ રકમ સેરવીને લઈ ગયાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો હતો.

આને અનુલક્ષીને ખંભાળિયાના ડીવાયએસપી મીત રૂદલાલના માર્ગદર્શન હેઠળ અહીંના ઇન્ચાર્જ પી.આઈ. એચ.જી. રાઠોડ તેમજ પી.એસ.આઈ. જે.ટી. ચાવડાની



ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ટેકનિકલ એનાલિસિસ અને હ્યુમન સોર્સીસની મદદથી આ પ્રકરણમાં સંડોવાયેલા આરોપી મહેશ માલદે અસવારની ચોરીની રોકડ રકમ સાથે અટકાયત કરી લેવામાં આવી હતી.

# દ્વારકા તાબેના લાડવા ગામની સીમમાં જુગારના ધમધમતા અખાડા પર એલસીબી પોલીસ ત્રાટકી

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં હાલ શ્રાવણી જુગાર પર પોલીસ તંત્ર દ્વારા ધોંસ બોલાવવામાં આવી રહી છે. આ વચ્ચે સાથે જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળાની સૂચના મુજબ એલસીબી વિભાગના ઈન્ચાર્જ પી.આઈ. એન.એચ. જોશી તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં દ્વારકા વિસ્તારમાં એલસીબીની ટીમ દ્વારા હાથ ધરવામાં આવેલા પેટ્રોલિંગ દરમિયાન હેડ કોન્સ્ટેબલ ખીમાભાઈ આંબલીયા અને પીઠાભાઈ ગોજીયાને મળેલી બાતમીના આધારે દ્વારકા

અનુ પાના નં.૨ પર



PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com